
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 12, Issue. 217, June 2021

સૌથી શ્રેષ્ઠ પરીક્ષા તો ત્યારે થાય છે, જ્યારે આપણે પવિત્ર માનતા આપણા હેતુઓની આડે બાધા નાખવામાં આવે છે. ઇશ્વરના રાહ ન્યારા અને ગૂઢ હોય છે. આપણી નહી પરંતુ પરમાત્માની મરજી એ જ કાયદો છે.

મહાત્મા ગાંધી

### દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

આપણે સૌ બે વિશ્વમાં જીવી રહયા છીએ–એક વ્યકિત અને એક સમાજ. પ્રત્યેક વ્યકિત વ્યકિત છે અને પ્રત્યેક વ્યકિત એ સમાજ છે. સમાજથી વિખૂટો પડેલો માનવી ઉત્તમ જીવન જીવી શકતો નથી અને વ્યકિત વિના સમાજની કલ્પના કરી શકાતી નથી. એક મર્યાદા છે વ્યકિતત્વની અને તે મર્યાદા શરીર દ્વારા નિર્મિત છે. ઈન્દ્રિયો, મન અને બુધ્ધિ–જે માનવીના સ્વયંના વ્યકિતત્વને બનાવે છે. સંવેદન વ્યકિતને તૈયાર કરે છે. સુખદુઃખનું સંવેદન વ્યકિતગત હોય છે. તેનું પ્રસારણ પાછળથી થાય છે, પરંતુ પ્રત્યેક સંવેદન પોતાના કાર્યમાં વ્યકિતગત હોય છે. આ બધી માનવીની મર્યાદાઓ છે અને આ મર્યાદાઓમાં જ માનવીનું વ્યકિતત્વ બંધાયેલું છે. સંઘર્ષની વૃત્તિ પણ છે. સંઘર્ષ પણ એકલતામાં નથી હોતી, તે દ્વંદ હોય છે. સહયોગ પણ દ્વંદ હોય છે. તે કેટલીક એષણાઓ અને કેટલીક વૃત્તિઓ વ્યકિતને સામાજિક બનાવે છે. માછલી પાણીમાં રહે છે અને પાણીમાં જીવે છે. પાણીથી માછલીને અલગ કરવાનો અર્થ છે મૃત્યુ.

માનવી બાહય રીતે ખૂબ જ પ્રભાવિત થાય છે. આપણાં કાર્ય, આપણી વાણી, આપણા વિચાર–આ બધું સંક્રમણશીલ તત્વ છે. એકલતાની પણ એક મર્યાદા છે, સમાજની એક મર્યાદા છે અને માનવીના જીવનનાં જેટલાં મૂલ્ય છે તે બધાં જ સાપેક્ષ મૂલ્ય છે. મર્યાદાનું પોતાનું મૂલ્ય છે અને અમર્યાદાનું પણ સ્વયંનું મૂલ્ય. પ્રત્યેક વાતનું મૂલ્ય સાપેક્ષ હોય છે. વ્યકિતનું સ્વયંનું મૂલ્ય હોય છે અને સમાજનું પણ સ્વયંનું મૂલ્ય હોય છે.

વ્યકિતગત સ્વાસ્થ્ય અને સામાજિક સ્વાસ્થ્ય–આ ઘ્યાનના બે ખૂણાઓ છે. જાગરુકતા, માનસિક સંતુલન, આત્મનિરીક્ષણ, સંકલ્પ–શકિતનો વિકાસ અને એકાગ્રતાની શકિતનો વિકાસ–આ વ્યકિતગત સ્વાસ્થ્યના ખૂણા છે. વ્યકિતગત ચરિત્ર અને સામાજિક ચરિત્ર બંને સાપેક્ષ છે. જે આપણું ચરિત્ર છે, તે જ હકીકતમાં આપણું સ્વાસ્થ્ય છે. શું અસ્વસ્થ માનવી ચરિત્રવાન હોઈ શકે છે ? શું અસ્વસ્થ માનવી ચરિત્રવાન હોવાની સંભાવના હોઈ શકે છે ? બિમારી હોય તો સ્વભાવ પરિવર્તન પામે છે, ચરિત્ર પણ બદલાઈ જાય છે, મસ્તિષ્ક અસંતુલિત થઈ જાય છે. શરીરથી સ્વસ્થ, મનથી સ્વસ્થ તો પછી સામાજિક સંદર્ભમાં પણ સ્વસ્થ રહી શકાય છે.

જયાં ધર્મની મીમાંસા થઈ, અધ્યાત્મની સમીક્ષા થઈ, ત્યાં બે શબ્દોનો વિકાસ થયો–'અધ્યાત્મ' અને 'નૈતિકતા'. અધ્યાત્મ છે વ્યકિતગત સંપર્ક અને નૈતિકતા છે સામાજિક સંપર્ક. કોઈ વ્યકિત આધ્યાત્મિક હોય કે ન હોય, પરંતુ નૈતિક હોવો એ સમાજની અપેક્ષા છે. નૈતિકતા માટે સમાજપ્રેમ, રાષ્ટ્રપ્રેમ પણ આધાર બને છે, પરંતુ અધ્યાત્મ માટે વ્યકિતનું અંતઃકરણ જ પ્રમાણ છે. નૈતિકતાનો એક અર્થ છે–પ્રામાણિકતા. પ્રામાણિકતા ત્રણ પ્રકારની હોય છે–વચનની પ્રામાણિકતા, આર્થિક પ્રામાણિકતા અને વ્યવહારની પ્રામાણિકતા. વચનની પ્રામાણિકતા ભારતીય સંસ્કૃતિનું એક ઘણું ઉજજવળ પાસું છે. ભારતીય ઈતિહાસ વચનની પ્રામાણિકતાથી ભરપૂર છે.

માનવીના જીવનનું સૌથી મૂલ્યવાન સાધન છે તેની 'વાણી'. વાણીએ જ સમાજની રચના કરી છે. સમાજના બધા જ સંપર્કોનું સૌથી મોટું તત્વ હોય તો તે છે વાણી, અને આ વાણીની પ્રતિષ્ઠા જયારે માનવી ખોઈ બેસે છે તો પ્રામાણિકતા અને નૈતિકતા સમાપ્ત થઈ જાય છે. વાણી દ્વારા સંબંધ સ્થાપિત થાય છે અને તૂટી પણ જાય છે. વાણીની આપણે પ્રતિષ્ઠા કરી અને વાણીને સરસ્વતી દેવીનું સ્થાન આપવામાં આવ્યું. નૈતિકતાનું મુખ્ય સૂત્ર છે વાણીની પ્રામાણિકતા. પ્રામાણિકતાનો બીજો વિષય છે–આર્થિક પ્રામાણિકતા. વાસ્તવમાં તે જ વ્યકિત પવિત્ર છે જે આર્થિક બાબતોમાં પણ પવિત્ર છે. પ્રામાણિકતાનો ત્રીજો વિષય છે–વ્યવહારની પ્રામાણિકતા. જયાં વ્યવહારની પ્રામાણિકતા હોય છે, તે સમાજ સ્વસ્થ રહે છે અને જયાં વ્યવહારમાં અપ્રામાણિકતા છે, ત્યાં સમાજમાં મોટી સમસ્યાઓ પેદા થાય છે. જે સમાજમાં પારસ્પરિક અવિશ્વાસ હોય છે, તે સમાજ કયારેય પણ સુખી બનતો નથી. નિઃસંદેહ સમાજમાં પ્રામાણિકતાનો વિકાસ થાય છે, તે સમાજ આગળ વધે છે, ઉન્નતિ કરે છે. અનૈતિકતા, અપ્રામાણિકતા સમાજનું સૌથી મોટું સંકટ છે.

સ્વસ્થ સમાજની પરિકલ્પનાને આપણે સહુ સાકાર કરીએ.

તા. ૧ જુલાઈ, ૨૦૨૧

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### રાષ્ટ્રિય શિક્ષણ નીતિઃ ઓનલાઈન મિટિંગ

આજ રોજ આદરણીય કુલાધીપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ ના અમલીકરણ અંગેની ઓનલાઈન મિટિંગ મળી હતી. જેમાં આદરણીય શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા, આદરણીય શિક્ષણ મંત્રી (રાજયકક્ષા) વિભાવરીબેન દવે તથા ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના અધિકારીઓ તેમજ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સદર મિટિંગમાં તમામ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ અંગે પોતાની યુનિવર્સિટી સંબંધિત માહિતી રજુ કરી હતી.

કુલપતિશ્રી ડૉ. કે. એન. ચાવડાએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ને ધ્યાને લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ લીધેલ નિર્ણયો તથા તે સંબંધી આગામી આયોજન બાબતે નીચે મુજબ માહિતી આપી હતી.

૧. યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ સંદર્ભે ચેપટર વાઈઝ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલી છે. આ સમિતિની ભલામણો/સૂચનોને આધારે પ્રવર્તમાન સ્ટેચ્યુટ તથા ઓર્ડિનન્સમાં કરવાના થતા સુધારાઓનો ડ્રાફટ તૈયાર કરી ખાસ સેનેટ સભા બોલાવી તેમાં રજૂ કરવામાં આવશે. સેનેટ સભાનું આયોજન કરવા આદરણીય કુલાધીપતિશ્રીની મંજૂરી માગી હોવાની પણ જાણ કરી તે અંગે મંજૂરી આપવા વિનંતી કરી હતી.

૨. પ્રત્યેક સેમેસ્ટરમાં ઈન્ટરયુનિવર્સિટી ટ્રાન્સફર શકય બની શકે તે માટે સિન્ડિકેટમાં ટ્રાન્સફરની નીતિ નકકી કરવામાં આવી છે, જે સોફટવેરમાં જરૂરી સુધારા થતાં અમલી બનશે.

૩. પ્રત્યેક સેમેસ્ટરમાં વિદ્યાર્થી પોતાની કોલેજ બદલી શકે તે અંગેની પણ જોગવાઈ કરવામાં આવી છે.

૪. ધોરણ ૧૨ આર્ટ્સ તથા સાયન્સના વિદ્યાર્થીઓ બી.કોમ.માં પ્રવેશ મેળવી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે જે આ શૈક્ષણિક વર્ષથી જ લાગુ થઈ જશે.

૫. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૨૦% બેઠકો પર પ્રવેશ ફાળવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

૬. શૈક્ષણિક તથા અન્ય સર્વાંગી વિષયોની આવરી દરરોજ વેબિનારનું આયોજન કરવામાં આવે છે. આજદિન સુધી કુલ ૩૪ વેબિનારનું આયોજન થઈ ચૂકયું છે.

૭. એક શૈક્ષણિક વર્ષમાં બે વાર પ્રવેશ પ્રક્રિયા (ડબલ એન્ટ્રી સિસ્ટમ) અંગેનો નિર્ણય થઈ ગયો છે જે આ વર્ષથી જ અમલી બનશે.

૮. કોલેજ તથા વિભાગો ૨ ક્રેડિટ તથા વિભાગો (૨૪ કલાક)ના સર્ટિફિકેટ કોર્સ ચલાવી શકે, જેનો અભ્યાસક્રમ પણ પોતે બનાવી શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

### બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજયુકેશન એન્ડ રિક્રીએશન : સભા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૨૧–૬–૨૦૨૧ના રોજ બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજયુકેશન એન્ડ રિક્રીએશનની સભા વહીવટી બિલ્ડિંગમાં મળી હતી. આ સભામાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા ઈ.ચા. કુલસચિવશ્રી ડૉ. જયદીપ ચૌધરી તથા બોર્ડના સભ્યો હાજર રહ્યા હતા. સભાની શરૂઆત કુલપતિશ્રી અને ઈ.ચા.કુલસચિવશ્રી તથા બોર્ડના સભ્યોના સન્માનથી કરવામાં આવી હતી. કુલપતિશ્રી જેઓ પોતે અગાઉ બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન રહી ચૂકયા હતા અને તેઓએ પોતાનો અનુભવ વ્યકત કર્યો હતો. તેઓ યુનિવર્સિટીમાંથી સારા ખેલાડીઓ બહાર આવી શકે અને યુનિવર્સિટીનું નામ રોશન કરી શકે અને ખેલાડીઓ માટે સારી સુવિધાઓ મળી રહે તેવા પ્રયાસો કરવા જોઈએ તથા જે રમતોમાં વિદ્યાર્થીઓ નેશનલ કક્ષાએ તથા ઈન્ટરનેશનલ કક્ષાએ સારી સિદ્ધિ મેળવે તો તેમનો ડેટા યુનિવર્સિટીમાં ડિઝિટલ રૂપમાં ઉપલબ્ધ હોવો જોઈએ એવું માર્ગદર્શન આપ્યું હતું. ત્યાર બાદ બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનની નિમણૂંક અંગે સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારીએ ડૉ. વિનોદભાઈ પટેલના નામની દરખાસ્ત રજુ કરી હતી અને તેને ડૉ. પૃથુલ દેસાઈએ ટેકો આપ્યો હતો અને તેને બોર્ડના સભ્યો દ્વારા સર્વાનુમતે સ્વીકાર કરી ડૉ. વિનોદભાઈ પટેલને બોર્ડ ઓફ સ્પોર્ટસના નવા ચેરમેન તરીકે નિયુકત કરવામાં આવ્યા હતા. હવે પછી બોર્ડ ઓફ સ્પોર્ટસની આગળની કાર્યવાહી ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કરવામાં આવશે.

### ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીઃ પરિચય બેઠક

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાની ઉપસ્થિતિમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદભાઈ શાહ દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પોની પરીચય બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં શ્રી હર્ષદભાઈ શાહે વિશ્વની એક માત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રનો વિગતે પરિચય આપ્યો હતો. પ્રત્યેક બાળક તેજસ્વી બને તે ઉદ્દેશ્ય સાથે ગર્ભસ્થ શીશુ અને માતાને પ્રશિક્ષિત કરતાં તપોવન કેન્દ્ર તથા બાળકનાં સર્વાંગી વિકાસ માટે જરૂરી કૌશલ્યો કેળવતાં વિવિધ સર્ટીફિકેટ કોર્સની વિગતે વાત કરી હતી.

આ પ્રસંગે ડૉ. નરેશભાઈ શુકલ (ગુજરાતી વિભાગ), ડૉ. પ્રિતીબેન શુકલ (ગણિતશાસ્ત્ર વિભાગ), ડૉ. સંજયભાઈ ડુંગરાણી (સિન્ડિકેટ સભ્ય, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), ડૉ. કૃણાલ

પંચાલ (અધ્યક્ષ,વિદ્યાનિકેતન વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), ડૉ. હેમાંગીબેન મહેતા (એસો. પ્રો. તપોવન કેન્દ્ર), દિવ્યાબેન રાવલ (આચાર્યા, શિશુવાટિકા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), પૂર્વ મેયરશ્રી જગદિશભાઈ પટેલ (સુરત મહાનગર પાલિકા) ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતની અગ્રણ્ય કોલેજોમાં તપોવન કેન્દ્ર અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્ટડી સેન્ટર શરૂ થશે. જે સાચા અર્થમાં તેજસ્વી ભારતના નિમાર્ણ માટેનું પાયાનું કામ બની રહેશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આ કેન્દ્ર શરૂ કરવા તથા તેની માહિતી મેળવવા માટે હેલ્પલાઈન નંબર– ૦૨૬૧ ૨૩૮૮૮૮૮ અથવા info@vnsgu.ac.in અથવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈડ www.cugujarat.ac.in પર સંપર્ક કરી શકો છો. દક્ષિણ ગુજરાતની વધુમાં વધુ સંસ્થાઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રકલ્પમાં જોડાય તેવું આહવાન કુલપતિશ્રી ડૉ. કે.એન. ચાવડાએ કર્યુ હતું.

## Notification

Pursuant to the aforementioned references Dr. B. J. Ankuya, I/c. Librarian is appointed as Designated Officer to perform the duties prescribed under ordinance for academic integrity and prevention of plagiarism.

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં પરીક્ષા સબંધિ માહિતી ચેક કરવા બાબત

શૈક્ષણિક વર્ષ: ૨૦૨૦–૨૧ માટે એક્ષટર્નલ અભ્યાક્રમ Arts Faculty: BA/MA તથા Commerce Faculty: B.Com/M.Com. ના પ્રથમ વર્ષમાં ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરેલ અને યુનિવર્સિટી વેરીફિકેશન થયા બાદ જે વિદ્યાર્થીનું એક્ષટર્નલ અભ્યાસનું ફોર્મ માન્ય કરેલ છે તેની યાદી યુનિવર્સિટી વેબસાઈટ vnsgu.ac.in ઉપર મૂકવામાં આવેલ છે. આ યાદીમાં વિદ્યાર્થીનું નામ, પરીક્ષા કેન્દ્ર, એનરોલમેન્ટ નંબર, SPID નંબર દર્શાવેલ છે. આ SPID નંબર દ્વારા Student Dashboard ચેક કરવાની વિગતવાર પ્રક્રિયાની માહિતી યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. ઓનલાઈન ફોર્મ ભરેલ વિદ્યાર્થીઓ હવે પછી એક્ષટર્નલ અભ્યાસક્રમની પોતાની દરેક માહિતીઓ જેવી કે, પરીક્ષા હોલ ટીકીટ, પરીક્ષા ટાઈમ ટેબલ, માર્કશીટ Student Dashboard થી ડાઉનલોડ કરીને મેળવવાની રહેશે.


Student Dashboard ની માહિતીમાં ભૂલ હોય તો તાકીદે યુનિવર્સિટીના એક્ષટર્નલ વિભાગમાં આધારપુરાવા સાથે અરજી કરીને સુધારો કરાવવા આથી જાણ કરવામાં આવે છે.

એક્ષટર્નલ વિદ્યાર્થીઓના SPID નંબર જનરેટ થઈ ગયેલા હોય અને જે વિદ્યાર્થીઓએ એક્ષટર્નલ અભ્યાક્રમના ઓનલાઈન ફોર્મની યુનિવર્સિટીમાં પૂર્તતા કરાવેલ ન હોય તેવા ફોર્મનું યુનિવર્સિટીમાં વેરીફિકેશન થયેલ ન હોવાથી તેવા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકશે પરંતુ તેઓના પરિણામ જાહેર કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી. વધુમાં, એક્ષટર્નલ અભ્યાસક્રમોની પરીક્ષાનું ટાઈમટેબલ યુનિવર્સિટી વેબસાઈટ vnsgu.ac.in ઉપર મૂકવામાં આવેલ છે.

## Department of Statistics


### Celebration

Celebrated 15th national statistics day (29th June 2021) on the birth anniversary of Prof. Prasanta Chandra Mahalanobis With an online session by Ms. Smita Shah, alumnae of the department, and organized an online quiz 2021





The government has been celebrating the statistics day, to popularize the use of statistics in everyday life and sensitize public on how statistics helps shaping and framing policies for the welfare of people. it is celebrated every year of the birth anniversary of Prof. P. C. Mahalanobis, on 29th June since 2007, in recognition of his invaluable contribution in establishing the National Statistical System.

This yar the department of Statistics, Veer Narmad South Gujarat University, Surat celebrated the National Statistics Day, with an online session by Ms. Smita Shah, alumnae of the department (1982), 6th session of our alumni activity (started form 15/5/21), during 12:30 pm to 2:00 pm. Ms. Smita Shah shared her journey, experience and knowledge of regarding "data science-overview" in context of current scenario of use of technology with statistics. she explained Orecal, machine learning, regression analysis, decision theory etc. Students found her session very interesting. The department and students are very much thankful to Ms. Smita Shah for sparing her valuable time for us.




The department organized the 1st online quiz competition as a part of the National Statistics Day celebration on the 29th June 2021. There was a very good response from all over India to attempt the quiz from different streams like arts, commerce, science, computer science, management and others subjects.

The student's participation was there from different cities like Surat, Ahmadabad, Baroda, Bhavnagar, Bharuch, Rajkot etc. From Gujarat state and other states cities like Nasik, Pune, Thanjavur, Banaras, Hyderabad, Rishikesh etc. 1848 participants from junior level (class XI and XII) and senior-level (UG and PG course) students have participated in the online quiz. At the junior level 72 students from XI class and 265 students from XII class attempted the quiz. At junior level out of 336 participants, 184 students scored more than 50% marks and received e-certificates. At the senior level out of 1512, 1148 students from UG level and 362 students from PG level attempted the quiz. At senior level 697 students scored more than 50% marks, and received e-certificates. We would like to thank our honorable vice chancellor Dr. K. N. Chavda for inspiring us to organize this quiz. We are also very thankful to our in charge registrar Dr. Jaydip Chaudhari for permitting to organize quiz. Department thanks all the well wishers from school teachers and college teachers who circulated this quiz poster with their students. And last but not the least, we thank to the entire technical committee members for managing all technicalities of creating poster, generating link of this quiz and the certificates without which this could not have been possible.



15th National Statistics Day ( 29th June 2021)
on the Birth Anniversary of
Prof. Prasanta Chandra Mahalanobis
Online Quiz 2021
Organized by
Department of Statistics, Veer Narmad South Gujarat University , Surat-395007, (Gujarat) INDIA
( NAAC Re- Accredited 'A')

Certificate No: HACA4Y-CE000284

Date: 29-6-2021

**Senior Level**

**Certificate of Participation**

This is to certify that *Mr./ Ms. Aajagiya Pareshkumar Chhaganbhai* from **Department of Statistics, VNSGU** Has actively participated in the 1st Online Quiz conducted by **Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat** on 29th June 2021 as a part of celebration of National Statistics Day.

Dr. Shital S. Patel, Organizing Secretary
Dr. Arti J. Rajyaguru, Convener
Dr. Jaydip Chaudhari, I/C Registrar

## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

#### કોમ્પ્યૂટર લેબ : ઉદ્ઘાટન




જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૫ જુન, ૨૦૨૧ મંગળવારના રોજ ૧૦૮ કોમ્પ્યૂટર સાથે કોમ્પ્યૂટર લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને અમરોલી કોલેજના પ્રા. સોનલ વૈદ્ય કુલકર્ણી વયમર્યાદાને કારણે નિવૃત થતા હોવાથી તેમનો સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, માનદ્મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રભાઈ સોલંકી, શ્રી ગૌરાંગભાઈ દેસાઈ

તેમજ ઈન્ચાર્જ પ્રિ. ડૉ. આર.ડી. રાણા, ઈન્ચાર્જ પ્રિ. ડૉ. મુકેશ ગોયાની (પ્રમુખશ્રી–ભૂતપૂર્વ વિદ્યાર્થી સહકારી મંડળી લિ.) શૈક્ષણિક, વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.






## આંતર રાષ્ટ્રીય યોગ દિવસ : ઉજવણી






તા. ૨૧ જુન, ૨૦૨૧ના રોજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં સવારે ૬:૩૦ કલાકે સાતમો આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીશ્રીઓ તેમજ એન.એસ.એસ., એન.સી.સી.નાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તેમજ બાકીના વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન ઉજવણીના ભાગરૂપે ઈ–સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા.

## વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સ, સુરત.

### નેશનલ વેબિનાર





વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષમાં એન.એસ.એસ. યુનિટ અને મહાવીર ઈન્ટરનેશનલ, લેડીઝ વિંગ, સુરતના સંયુકત ઉપક્રમે, ગુગલ મીટ અને યુટયુબ લાઈવ સ્ટ્રીમીંગના માધ્યમથી **'जल ही जीवन है'** વિષય પર ૧૬મા નેશનલ લેવલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એમ.આઈ.અભિલાષા મહિલા વિંગ (સુરત)ના ચેરપર્સન પ્રો. અનામિકા તલેસરા રિસોર્સ પર્સન તરીકે હાજર રહ્યા હતા. આ વેબિનારમાં શ્રીમતી પ્રો. અનામિકા તલેસરાએ શ્રોતાઓને એન્વાર્યમેન્ટ ડે ની ઉજવણીના ભાગરૂપે પ્રકૃતિનાં પાંચ તત્વમાંથી પાણીનું મહત્ત્વ સમજાવતા કહ્યુ કે, "પાણી માનવજાતને આપેલ પ્રકૃતિની કિંમતી ભેટ છે અને પાણીનું નવીકરણ કરી શકાતું નથી તે માટે પાણીનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ તથા વરસાદના પાણીનો સંગ્રહ કરી જળ સંરક્ષણ માટે બનતા પ્રયાસો કરવા જોઈએ. પાણી જીવનના અમૃત તરીકે ઓળખાય છે." તદુપરાંત, એમણે એ પણ સમજાવ્યું કે, આપણે એ ઓળખવું જોઈએ કે, પુષ્કળ પાણી હોવા છતાં, તેને સંપૂર્ણપણે વાપરવું શકય નથી. અંતે પ્રો. અનામિકા તલેસરાએ શ્રોતાઓને સંકલ્પ કરાવ્યો કે, 'જીવ બચાવવા જળ બચાવો'.

આ વેબિનારમાં દેશના ૯ રાજયોમાંથી ૨૩૫ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર

ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ.ક્રિષ્ના દેસાઈ, ટેકનીકલ સ્ટાફ કુ. ક્રિના દેસાઈ તથા શ્રીમતી ભૂમિ દેસાઈએ કર્યું હતું.


## 'બી વીથ યોગા, બી એટ હોમ' થીમ : યોગ–વેબિનાર




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સાતમાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ તા. ૨૧/૬/૨૦૨૧ના રોજ ભારત સરકારના આયુષ મંત્રાલયની 'બી વીથ યોગા, બી એટ હોમ' થીમ પર યોગ–વેબિનારનું આયોજન એન.એસ.એસ. યુનિટ અને શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સ્ટેટ યોગા એસોસીએશનના સેક્રેટરી તથા એન.આઈ.એસ.કોચશ્રી પરેશભાઈ ભટ્ટ રિસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. એમણે વેબિનારમાં જોડાયેલ વિદ્યાર્થીનીઓ તથા કોલેજના સ્ટાફને ધ્યાન અને યોગની પ્રવૃત્તિઓ પ્રાયોગિક દ્રષ્ટાંત આપીને કરાવી હતી. તેમણે સમજાવ્યું હતું કે, યોગ શરીર, મન અને આત્માનો સંતુલિત વિકાસ તેમજ તન અને મનનું પરમાત્મા સાથે જોડાણ કરાવે છે. એમણે એ પણ સમજાવ્યું હતું કે, યોગ એક ભારતીય સંસ્કૃતિની અનમોલ ભેટ છે. તેમણે COVID-19 જેવી મહામારી દરમ્યાન ઘરમાં રહીને યોગ દ્વારા તણાવથી દૂર રહેવા અને રોગ–પ્રતિકાર શકિત વધારવાની પ્રવૃત્તિઓનું વિસ્તૃત જ્ઞાન આપ્યું હતું. વેબીનારમાં જોડાયેલા સહભાગીઓને ધ્યાન, પ્રાણાયામ, યોગાસન, અષ્ટાંગયોગ અને સૂર્યનમસ્કાર પણ કરાવ્યા હતા. આ વેબિનારમાં ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ અને સ્ટાફએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ઘરમાં રહીને યોગ દ્વારા તણાવથી દૂર રહેવા અને રોગ–પ્રતિરક્ષાનું મહત્વ સમજાવાનો હતો. આ વેબિનારમાં યોગ વિષે પ્રાયોગિક દ્રષ્ટાંત પૂરું પાડવા બદલ ડૉ. ક્રિષ્ના દેસાઈએ શ્રી પરેશભાઈ ભટ્ટનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ક્રિષ્ના દેસાઈ, શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરા અને ટેકનીકલ સ્ટાફ મિસ. ક્રીના દેસાઈ તથા ભૂમિ દેસાઈએ કર્યુ હતું.

## બુકરિવ્યુ




વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં સપ્તધારાના જ્ઞાનધારા અંતર્ગત કોલેજની લાઈબ્રેરી કમિટી દ્વારા આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ ગુગલ મીટ અને યુટ્યુબ લાઈવ સ્ટ્રીમીગના માધ્યમથી બુકરિવ્યુ સીરીઝ–'અભિગ્યા' અંતર્ગત ૨૦માં ડીજીટલ બુકરિવ્યુ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યોગા અને પ્રેક્ષા મેડીટેશનના વિશેષજ્ઞ શ્રીમતી અલકા સાંખલાએ આચાર્ય મહાપ્રજ્ઞ લિખિત **'नया मानव नया विश्व'** પુસ્તકની સમીક્ષા કરી હતી. તેમણે વર્તમાન પરિસ્થિતિમાં પ્રેક્ષાધ્યાન અને યોગનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે સમજાવ્યું કે, પ્રેક્ષાધ્યાનની વિવિધ પધ્ધતિઓનો પ્રયોગ, મનુષ્યનું વ્યકિતત્ત્વ સારૂ બનાવવા માટે તેમજ રાષ્ટ્ર નિર્માણ કરવામાં મદદરૂપ થઈ શકે છે.

આ કાર્યક્રમમાં દેશના ૮ રાજયથી કુલ ૧૧૨ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના અંતમાં શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા ડૉ. તન્વી તારપરાએ શ્રીમતી અલકા સાંખલાનો પુસ્તકની સમીક્ષા કરવા બદલ આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન લાઈબ્રેરી કમિટીના સેક્રેટરી પ્રો. ડૉ. નેહા રાવલે, ચેર પર્સન શ્રી શિવાંગ મહેતા તથા ટેકનીકલ સ્ટાફ મિસ. ભૂમિ દેસાઈ અને ક્રીના દેસાઈએ કર્યુ હતું.

## ઈન્ટરનેશનલ કવીઝ અને નેશનલ લેવલ વર્ચુઅલ કોલાજ મેકિંગ : સ્પર્ધા

વનિતા વિશ્રામ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ કોલેજ ઓફ કોમર્સમાં વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષમાં

સપ્તધારાની રંગકલા કૌશલ્ય ધારા અંતર્ગત આચાર્યા ડૉ. અભિલાષા અગરવાલના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. યુનિટ દ્વારા વર્ચુઅલ ઈન્ટરનેશનલ કવીઝ અને નેશનલ લેવલ કોલાજ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈન્ટરનેશનલ કવીઝ 'Environment Awareness' વિષય પર દેશ વિદેશના ૧૧૯૭ જેટલા એકેડેમિશિયન્સ, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કવીઝમાં ચાલીસ ટકાથી વધારે સવાલોનો સટીક જવાબ આપવાવાળા પાર્ટીસીપેન્ટસને ઈ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.

ઈન્ટરનેશનલ કવીઝ સ્પર્ધાની સાથે સાથે નેશનલ લેવલ કોલાજ મેકિંગ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'Ecosystem and Biodiversity' વિષય પર દેશના વિવિધ રાજ્યોની જુદી જુદી કોલેજોમાંથી વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી પ્રથમ ક્રમે ડી.એ.વી. કોલેજ, જલન્ધરના શ્રી ગૌરવ રત્તુ, દ્વિતિય ક્રમે એસ.એમ. નાઈટ કોલેજ ઓફ કોમર્સ એન્ડ આર્ટસ, પુનાના શ્રી નિરંજન શિમ્પી વિજેતા જાહેર થયા હતા. વિજેતા અને સહભાગીઓને ઇ–સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ડાૅ.પી.વી.ટી. પ્રાઈમરી સ્કુલ, સુરતના આર્ટ ટીચર શ્રીમતી અપેક્ષા પટેલ અને શ્રીમતી નેહા દેસાઈએ નિર્ણાયક તરીકે ફરજ બજાવી હતી.

આ વર્ચુઅલ સ્પર્ધા અને કવીઝનું ઉદ્દેશ્ય વિદ્યાર્થીનીઓમાં રહેલી પ્રતિભા વિકસાવવાનો અને સમાજમાં પર્યાવરણની જાગૃતી ફેલાવવાનો હતો. આ પ્રવૃત્તિઓનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ક્રિષ્ના દેસાઈ, પ્રા. સપના દેસાઈ અને ટેકનીકલ સ્ટાફ કુ. ક્રિના દેસાઈ તથા શ્રીમતી ભૂમિ દેસાઈએ કર્યુ હતું.

## એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.


### વિશ્વ યોગા દિવસ : ઉજવણી



એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં NCC અને NSS ના સંયુકત ઉપક્રમે ૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ નિમિત્તે સવારે ૮:૦૦ થી ૯:૦૦ કલાક દરમ્યાન કોલેજના સેમિનાર હોલમાં વિદ્યાર્થીઓ, કોલેજના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા COVID-19 ની ગાઈડલાઈનનું પાલન કરીને યોગના વિવિધ આસનો તેમજ મુદ્રાઓ દ્વારા યોગ કરવામાં આવ્યો હતો, જેમાં ઓનલાઈન લિંક દ્વારા વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી પણ જોડાયા હતા અને આ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈન વિડીયો કોન્ટેસ્ટ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પ્રદિપ રાજપુરોહિતે યોગા ટ્રેનર તરીકે સેવા આપી હતી. ઉપરાંત યુનિવર્સિટીની લિંક વિદ્યાર્થીઓને મોકલી હતી તેઓ જેના દ્વારા ૧૦:૦૦ કલાકે શરૂ થયેલ યુનિવર્સિટીના પ્રોગ્રામમાં જોડાયા હતા. આમ, એ.વી.પટેલ કોમર્સ કોલેજ દ્વારા યોગ દિવસની સફળ ઉજવણી કરવામાં આવી છે. સમગ્ર કાર્યક્રમ ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ સફળતાથી પૂર્ણ થયો હતો.



### કેરિયર અપોર્ચ્યુનિટી આફટર ૧૨ કોમર્સ : વેબિનાર



બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા દ્વારા આજ રોજ ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે "કેરિયર અપોર્ચ્યુનિટી આફટર ૧૨ કોમર્સ" વિષય પર એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીલીમોરાની એસ.પી. એન્ડ કંપનીમાં ફરજ બજાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી શિવમ મિસ્ત્રીએ પોતાનું વકતવ્ય રજૂ કર્યુ હતું તથા ૧૨ કોમર્સ પછી કયા કયા કોર્ષ ઉપલબ્ધ છે તે અંગેની માહિતી પૂરી પાડી હતી. સી.એ. તથા સી.એસ. અને આઈ.સી.ડબલ્યુ.એસ. જેવા પ્રોફેશનલ કોર્ષ અંગે પણ વિદ્યાર્થીઓને સંપૂર્ણ અને સચોટ માર્ગદર્શન પૂરું પાડયું હતું. સમગ્ર વેબિનારનું સંચાલન પ્રા. શ્રૃતિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રા. દિપીકાબેન લાડે અન્ય ઉપલબ્ધ કોર્સ અને

રોજગારીની તકો અંગે માહિતી પૂરી પાડી હતી. આ વેબિનાર ઈન્ચાર્જ આચાર્ય વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ થયો હતો. વેબિનાર માટે જરૂરી ટેકનિકલ સેવા પ્રા. પાર્થ ઠક્કરે પૂરી પાડી હતી. નવસારી અને વલસાડ જિલ્લાની ઘણી શાળાઓના ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આ વેબિનારમાં જોડાયા હતા. કોલેજના અન્ય તમામ સ્ટાફનો પૂરેપૂરો સહકાર આવા વેબિનારને સફળ કરવા માટે પ્રાપ્ત થયો હતો.

## Career Opportunities Guidance : Webinar




એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં Udisha Club હેઠળ Career Opportunities Guidance વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમના મુખ્ય વકતા શ્રી ગોપાલ સરન (આસિસ્ટન્ટ એમ્પ્લોયમેન્ટ ઓફિસર) નેશલ કેરિયર સર્વિસ સેન્ટર ફોર એસટી, એસસી સુરત એમના વકતવ્યમાં એમણે સરકારી અને જાહેર સેવા આયોગની અલગ–અલગ પરીક્ષામાં વિદ્યાર્થીઓ માટે કઈ તકો રહેલી છે તેની વિગતવાર માહિતી આપી હતી. પેરામિલેટ્રી એસએસબી તેમજ MHRDC દ્વારા જે ઓનલાઈન પ્રોગ્રામ ચલાવવામાં આવે છે સ્વયંપ્રભા અને સ્વયં, ઈ–પાઠશાળા વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે પોતાના અનુભવો પણ વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચ્યા હતા. સફળતાના ચાર સૂત્રો પણ વિદ્યાર્થીઓને જણાવ્યા હતા.

ઈન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઉદિશા કમિટિના કન્વીનર ડૉ. સોનલબેન વસાવાએ કર્યુ હતું. આભારવિધિ પ્રા. પાર્થભાઈ ઠક્કરે કરી હતી. આ વેબિનાર ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

## ગ્રીટિંગ કાર્ડ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં NCC Directorate ગુજરાતના આદેશ મુજબ Ek Mai Sau Ke Liye Ph-5 Kargil Ke Veeron Ko Gujarat Ka Aabhar કેમ્પેન ચાલી રહ્યું છે જે અંતર્ગત NCC યુનિટ અને રંગકલા કૌશલ્ય હેઠળ ગ્રીટિંગ કાર્ડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.સી.સી.ના કેડેટ્સ અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ટ કલા અને દેશપ્રેમની લાગણી સાથે સરહદોના જવાનોનો આભાર વ્યકત કર્યો હતો. હાલ કોરોના સમયમાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીને ગ્રીટિંગ કાર્ડ ભેગા કરવામાં આવ્યા હતા. તે સાથે આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને કારગીલના યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને સહાદત આપી હતી. જંગલ ઝાડી વચ્ચે અટવાતો, ભૂખ્યો તરસ્યો એકલો અને આપણા દેશ માટે હંમેશા લડવા તૈયાર એવા સૈનિકોને સલામ આપી હતી. તેમજ ૯ ગુજરાત નેવલ યુનિટ એન.સી.સી. નવસારીના કમાન્ડિંગ ઓફિસર અમિત નયને પણ ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી. ઉપસ્થિત ડૉ. એન.બી.સોલંકીએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા આપી હતી તથા એન.સી.સી. ઓફિસર ડૉ. સોનલ વસાવાને આ કાર્યક્રમના સફળ સંચાલન માટે આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાએ અભિનંદન પાઠવ્યા હતા.






## શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

સમગ્ર વિશ્વમાં પ્રચલિત થઈ ચુકેલ આપણી સંસ્કૃતિની અણમોલ ભેટ સમી યોગવિદ્યાની ઊંડાણપૂર્વકની સમજણ ભાવિ શિક્ષકો મેળવે એ અનિવાર્યપણે અપેક્ષિત છે. આ આદર્શને સાકાર કરવા માટે શિક્ષકોના ઘડતર બાબતે પોતાની આગવી ઓળખ ઉભી કરનાર શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના યોગ–પ્રાણાયામના તજજ્ઞ આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે સતત બે દિવસ યોગશાસ્ત્રની ઊંડાણપૂર્વક સૈદ્ધાંતિક સમજ અને નિદર્શન આપ્યા હતા. તેમણે અષ્ટાંગ

યોગના આઠે સોપાનોની સમજણ આપી કહ્યું હતું કે, યોગ વિદ્યાને માત્ર શારીરિક સ્વાસ્થ્ય સાથે સંબંધ નથી પરંતુ એ મનોસજ્જતા, સ્વસ્થ ભાવજગત, પ્રેરક પર્યાવરણ અને આધ્યાત્મિક ઉત્કર્ષ સાથે અભિન્નપણે અનુબંધિત છે. વર્તમાન સમયની બધી જ જટિલતાઓ, સંઘર્ષો અને સ્થાનિકથી લઈને વૈશ્વિક કક્ષાની મડાગાંઠોના ઉકેલ તેમાં છુપાયેલા છે. સૂક્ષ્મ ક્રિયાઓ, આસનો, પ્રાણાયામ અને રાજયોગના સુભગ સમન્વયથી વ્યકિત સહજ રીતે દિવ્ય ગુણો આત્મસાત કરી શકે છે. આપણી સંસ્કૃતિની જણસ સમી યોગવિદ્યાને ધારણ કરી તેના જતન–સંવર્ધન અને પ્રચાર–પ્રસારની ભૂમિકા ભજવવા શિક્ષકે પણ સહભાગી થવાનું છે. ઓનલાઈન મોડથી જોડાયેલા સહુ તાલીમાર્થીઓએ તથા કોલેજના સમગ્ર સ્ટાફે તેમની આ વિશિષ્ટ સ્વરૂપની આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી બાબતે ગૌરવ અને સંતુષ્ટતાની લાગણી વ્યકત કરી હતી.




## પૂર્વ તાલીમાર્થીઓ (OSA)નું સ્નેહમિલન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની વાર્ષિક પરીક્ષામાં ઝળકી ઉઠેલા કોલેજના તેજસ્વી તારલાઓના અભિવાદન માટેનો સ્નેહમિલન કાર્યક્રમ Old Student Association (OSA) તાજેતરમાં યોજોયો હતો. જેમાં વર્ષ ૨૦૧૮–૨૦૨૦ના વર્ષ દરમ્યાનના સિદ્ધિ પ્રાપ્ત તાલીમાર્થીઓને મેડલ, રોકડ પારિતોષિક અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ઓનલાઈન મોડમાં ઉલ્લાસભેર ઉજવાયેલા આ કાર્યક્રમનો આરંભ પ્રાર્થના થયા બાદ પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોને આવકારી વિતેલા કોરોનાના કપરાકાળ દરમ્યાનના સંસ્થાના ઉત્તમ માવજતના પ્રયત્નોની ઝાંખી કરાવી હતી. OSA ના મંત્રી પ્રા.ડૉ.નમ્રતાબેન પટેલે Old Student Association (OSA)ની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ત્યારબાદ વિવિધક્ષેત્રે તેજસ્વીતા પ્રસ્થાપિત કરનાર ૧૮ જેટલા તાલીમાર્થીનું અભિવાદન કરાયું હતું. બાદ સમારંભના અતિથિવિશેષ તરીકે પધારેલ વલસાડ કોમર્સ કોલેજના નિવૃત્ત આચાર્ય ડૉ. જયંતિભાઈ એમ. નાયકે આગવી શૈલીમાં, ઊંડાણપૂર્વક ઓનલાઈન અધ્યાપનના પડકારો અને એના ઉકેલો અંગે મનનીય પ્રવચન આપી સૌને પ્રભાવિત કર્યા હતા. બદલાયેલા સંજોગોમાં આગામી સમયનું અધ્યાપન ઓનલાઈન મોડમાં કેવી રીતે સફળ અને અસરકારક બનાવવું એનું ચિંતન જ સમયની માંગ છે. સહુ અભિવાદિતોના પ્રતિનિધિ તરીકે કોલેજ પ્રથમ આવનાર તાલીમાર્થી ફરહીન શેખે અને કોલેજ દ્વિતીય આવનાર તાલીમાર્થી મેઘના પટેલે કોલેજના આચાર્યની સ્નેહાળપાલના, ચુસ્ત આયોજન અને સહુ અધ્યાપકોની ઉત્તમ માવજત બદલ ભરપૂર સંતોષ વ્યકત કરી કોલેજ પરિવાર પ્રતિ ઊંડા આભારની લાગણી વ્યકત કરી હતી. સમારંભના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત બી.વી.કે. મંડળના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ અમીને તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, સફળતા માટે પ્રતિબદ્ધતા, શિસ્ત અને ક્ષમતાઓ અનિવાર્ય છે. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી હૃદયનાથભાઈ તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. ઋણસ્વીકાર પ્રા.ડૉ.કલ્પેશભાઈ ટંડેલે કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સુંદર સંચાલન પ્રા.ડૉ.નમ્રતાબેન પટેલે કર્યુ હતું.

## ઓનલાઈન વ્યાખ્યાન




બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં નવસારી જિલ્લા આચાર્ય સંઘના અધ્યક્ષ અને વન વિદ્યાલય, આંબાબારી હાઈસ્કુલના આચાર્યશ્રી ડૉ. કમલેશભાઈ એમ. ઠાકોરનું માનવ ઉત્કર્ષ મંડળ આયોજિત સુંદર અને પ્રેરક પ્રવચન યોજાયું હતું. ભાવસભર પ્રાર્થના બાદ પ્રિ.ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોને આવકારી

માનવ ઉત્કર્ષ મંડળના ઉદ્ભવ અને એની પૂર્વભૂમિકા રજુ કરી ભાવિ શિક્ષકો માનવ ઉત્કર્ષના બીજને ધારણ કરે એ સમાજ માટે કેટલું ઉપકારક છે એની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ડૉ. કમલેશભાઈ ઠાકોરે પોતાની આગવી શૈલીમાં માધ્યમિક શિક્ષણના આદર્શો અને વાસ્તવિકતાનું નિરૂપણ પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિવિધ ઉદાહરણોના ઉપયોગથી અસરકારક ચર્ચા કરી શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય જેવી જાજરમાન સંસ્થાના સિકકા સાથે બહાર પડનાર શિક્ષક તરીકે અપેક્ષિત તમામ ક્ષમતાઓ વિકસાવવાની ટહેલ નાંખી હતી. માનવ ઉત્કર્ષ મંડળના કેન્દ્રબિંદુ એવા ડૉ. દિનુભાઈ નાયકે સંસ્થાના ઈતિહાસ સંદર્ભિત વાતો કરીને સંસ્થાના ભવ્ય ભૂતકાળને વાગોળીને 'માનવ ઉત્કર્ષ'માં આ સંસ્થાની શિક્ષકની શું ભૂમિકા હોય શકે એ અંગે પ્રેરણાદાયી વાતો કરી હતી. પ્રમુખશ્રી ભૂપેન્દ્રભાઈ અમીને સંસ્થાના ભાવજગતને બિરદાવી આવા ઉપકારક કાર્યક્રમના આયોજન બદલ સંસ્થા પરિવારને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ અમીન, મંત્રીશ્રી જસ્મીનભાઈ દેસાઈ તથા ચેરમેનશ્રી ભરતભાઈ અમીનની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ અર્થસભર બનાવ્યો હતો. સમારંભના અંતે પ્રા. ડૉ. નમ્રતાબેન પટેલે ઋણ સ્વીકાર કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા.ડૉ.શીતલબેન વસાવાએ કર્યુ હતું. એલ.એમ.પી. રેવા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી પાકીઝાબેન તથા સમગ્ર સ્ટાફ આ માર્ગદર્શક પ્રવચનના પ્રત્યક્ષ સાક્ષી બન્યા હતા જયારે બી.એડ.ના તમામ તાલીમાર્થીઓએ પ્રસ્તુત કાર્યક્રમને ઓનલાઈન મોડમાં માણ્યો હતો.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### #IDY 2021# YOGA FOR WELLNESS




C. N. Kothari Homoeopathic Medical College & Research Centre,Vyara celebrated International Yoga Day on 21/06/21. All the Staff Members & Hospital Staff celebrated yoga virtually with great enthusiasm.

Yoga expert of our Institute Dr. Piyush Pandya demonstrated various asans followed by omkar chanting. He encouraged all to practice regular yoga to remain fit & improve concentration from online platform.

The whole program was coordinated by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.

### Celebrating National Doctor's Day

C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated National Doctor's Day on 1st July 2021. Celebration began with floral tribute to Maa Sarswati & Father of Homoeopathy Dr. Hahnemann which was followed by Hahnmanean Oath. After that Dr. Jyoti Rao (Principal) felicitated each & every doctor faculty with small memento & welcomed Dr. Deven Joshi for delivering seminar. Dr. Deven Joshi (Assistant Professor, Case Taking & Repertory Department) Presented cases on Auto immune disease with successful cure. Dr. Deven Joshi was felicitated with memento and flowers. Seminar Committee had organized whole event with Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.





વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી વૃત્ત

સાભાર: સંદેશ તા. ૮–૭–૨૦૨૧

## કોરોનાકાળમાં યુનિ.એ સામાજિક જવાબદારી બખૂબી અદા કરી

# વીર નર્મદ યુનિવર્સિટીની લેબોરેટરીમાં કોરોનાના ૧૦ હજાર સેમ્પલ ટેસ્ટ કરાયા

## પાલિકાના ૧૦૮૨૨, ખાનગી રીતે ૪૪ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું

| સુરત |

કવિ વીર નર્મદના નામ સાથે જોડાયેલી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ કોરોનાના કપરા કાળમાં પોતાની સામાજિક જવાબદારી બખૂબી રીતે અદા કરી રાજ્ય સ્તરે છવાઈ છે. કોરોનાકાળમાં છેલ્લા દોઢ મહિનામાં યુનિવર્સિટીમાં તૈયાર થયેલી હાઈટેક્ લેબોરેટરીમાં અધધધ ૧૦ હજાર કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે.

યુનિવર્સિટીમાં કુલપતિપદે ડો. કે.એન.ચાવડાની નિમણૂક સાથે જ પ્રથમ તબક્કામાં તેમને કોરોના સેમ્પલ ટેસ્ટિંગ લેબની શરૂઆત કરવાનું બીડું ઝડપ્યું હતું. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં અત્યાધુનિક લેબોરેટરી શરૂ કરવાના નિર્ધાર સાથે યુનિવર્સિટી સિન્ડિકેટમાં મંજૂરી આપી દેવાઈ હતી. અંદાજિત ૧૮ લાખના ખર્ચે અત્યાધુનિક સાધનોની ખરીદી પણ કરાઈ હતી. દરમિયાન સુરત મહાનગરપાલિકા દ્વારા મોકલવામાં આવતા કોરોના સેમ્પલ અને સાથે જ ખાનગી રાહે શહેરીજનોના કોરોના ટેસ્ટિંગની કામગીરી કરાઈ હતી. ૧૭ જૂનથી ૪ જુલાઈ સુધીમાં પાલિકા દ્વારા ૧૦૮૨૨ સેમ્પલ મોકલવામાં આવ્યા હતા. જે પૈકી ૧૭ જૂન, ૨૬ જૂન અને ૨ જુલાઈના રોજના ૩ સેમ્પલ પોઝિટિવ આવ્યા હતા. જ્યારે ૧૦૮૧૯ સેમ્પલ નેગેટિવ આવ્યા હતા. યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગમાં ૨૪ મેથી ૭ જુલાઈ સુધીમાં ખાનગી રાહે ૪૪ શહેરીજનોએ કોરોના ટેસ્ટિંગ કરાવ્યું હતું. તે પૈકી ૧ જૂનના રોજ રોજનો એક રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

### સુએઝ વોટરના કોરોના ટેસ્ટિંગનો પ્રોજેક્ટ પણ સોંપાયો

યુનિવર્સિટીમાં બાયોસાયન્સ વિભાગમાં કોરોનાની બીજી લહેર વચ્ચે કોરોના સેમ્પલ ટેસ્ટિંગ લેબોરેટરીની શરૂઆત કરાઇ હતી. જ્યારે સુરત શહેરમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવા માટેનો પ્રોજેક્ટ પણ યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગને સોંપાયો છે. ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન અંતર્ગત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના અધ્યાપક પ્રવીણ દુધાગરાને સુરતના પ્રોજેક્ટ હેડ બનાવાયા છે. તેઓ સહયોગી રાજેશ પટેલ અને જીજ્ઞા દેસાઇ સાથે મળી સુરતના ૧૧ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી લીધેલા પાણીના સેમ્પલનું ટેસ્ટિંગ કરી રહ્યા છે.

સાભાર: દિવ્યભાસ્કર તા. ૩–૭–૨૦૨૧

# નવી શિક્ષણ નીતિના અમલ માટે યુનિ.એ સૂચન મંગાવ્યા

એજ્યુકેશન રિપોર્ટર | સુરત

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ માટે યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોરસિંહ ચાવડાએ ટાસ્કફોર્સ તૈયાર કરી છે. જેના અમલ માટે 18 ઓગસ્ટે સેનેટની મીટિંગ મળશે. બેઠક પહેલા યુનિવર્સિટીએ પરિપત્ર જાહેર કરી સિન્ડિકે, સેનેટ, એચઓડી, કો. ઓર્ડિનેટર અને પ્રિન્સિપાલો પાસે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની કઈ કઈ બાબતોનું સુધાર કરવો? તે મામલે સૂચન મંગાવ્યા છે. જે સૂચન 7 જૂલાઈ સુધીમાં આપવાના રહેશે. નવી શિક્ષણ નીતિમાં હાયર એજ્યુકેશન સિસ્ટમ, વોકેશનલ એજ્યુકેશન સહિતના 11 મુદ્દા છે. 33 સભ્યોની ટાસ્કફોર્સ અગામી દિવસોમાં કેન્દ્ર સરકારની મંજૂર કરાયેલી નવી શિક્ષણ નીતિનો અભ્યાસ કરશે અને તેનો રિપોર્ટ બનાવશે.

સાભાર: દિવ્ય ભાસ્કર તા. ૯–૭–૨૦૨૧

# એજ્યુકેશન સિસ્ટમ પર વેબિનાર આયોજિત




સુરત: એનએસએસ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તેમજ ભારત વિકાસ પરિષદ સુરતના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટી ખાતે 'રિડિફાઈનિંગ ધ એજ્યુકેશન સિસ્ટમ ઈન યુનિવર્સિટી' વિષય પર વેબિનાર યોજાયો હતો. આ પ્રસંગે બીવીપીના પ્રમુખ રૂપિન પચ્ચીગર, ડો.શિવ નારાયણ કાલિયા, કુલપતિ ડો.કે.એન.ચાવડા અને રજીસ્ટ્રાર જયદિપ ચૌધરીએ સંબોધન કર્યું હતું.

સાભાર: ગુજરાત ગાર્ડિયન તા. ૩–૭–૨૦૨૧

# વીર નર્મદ યુનિ.માં પૂર્વવિદ્યાર્થીઓનું પ્રથમ ઓનલાઈન સંમેલન યોજાયું

## સંમેલનમાં અભ્યાસક્રમને રોજગારલક્ષી કેવી રીતે બનાવી શકાય તે માટે પૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્ય મેળવવામાં આવ્યા

સુરત, તા.૨

અભ્યાસક્રમને રોજગારલક્ષી કઇ રીતે બનાવી શકાય તે માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્ય મેળવવા જરૂરી હોય યુનિવર્સિટીમાં પ્રથમ વખત ઓનલાઇન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પ્રથમ ઓનલાઈન સંમેલનને કુલપતિ ડૉ.કે.એન.ચાવડા, ડૉ.શ્રીધર નિમાવત અને ડૉ.પુષ્પલ દેસાઈ દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વિદ્યાર્થીઓ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ઝૂમ, યુટ્યુબ અને વેબેક્સ જેવા માધ્યમોથી બહોળી સંખ્યામાં જોડાયા. હતા. હાલના અભ્યાસક્રમોમાં રોજગારી લક્ષી કેવા બદલાવો કરવા જોઈએ તે માટે પૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્યો ખુબ જ અગત્યના હોવાના મત સાથે કુલપતિ કે.એન. ચાવડાએ વધુને વધુ વિદ્યાર્થીઓ યુનિવર્સીટી અને વિદ્યાર્થીઓ સાથે લાઈવ સંપર્કમાં આવે અને તેમના નિયમિત ફીડબેક યુનિવર્સીટીને પહોચાડતા રહે તે વિષય પર ભાર મુક્યો હતો.

જયારે સંમેલનમાં ડૉ. શ્રીધર નિમાવતે પૂર્વ વિદ્યાર્થીઓને સંબોધન કરતા જણાવ્યું હતું કે પૂર્વ વિદ્યાર્થીઓ યુનિવર્સીટી ખરા 'બ્રાંડ એમ્બેસેડર' છે. યુનિવર્સીટીના કેન્દ્રમાં હમેશા વિદ્યાર્થીઓ હોય છે જે યુનિવર્સીટીનું હદય છે. વિદ્યાર્થીઓના ઘડતરમાં યુનિવર્સીટીનું અમુલ્ય યોગદાન છે. યુનિવર્સીટીને નવી ઉંચાઈએ લઈ જવામાં પૂર્વ વિદ્યાર્થીઓની ભાગીદારી ખુબ જ મહત્વની. પૂર્વ વિદ્યાર્થીઓનાં મંતવ્યો યુનિવર્સીટી માટે ખુબ જ કિમતી છે. આવનારી વિદ્યાર્થીઓની નવી પેઢીને ઉત્તમ શિક્ષણની અને રોજગારી તકો મળે તે માટે પૂર્વ વિદ્યાર્થીઓ આગળ આવે તે જરૂરી છે.

સાભાર: સંદેશ તા. ૧–૭–૨૦૨૧

યુનિવર્સિટી દ્વારા કોલેજોને પણ આગળ આવવા અનુરોધ કરાયો

# માનવતાપૂર્ણ નિર્ણય : કોરોનામાં વાલી ગુમાવનારા વિદ્યાર્થીની ટ્યૂશન ફી માફ

## નવા સત્રમાં પ્રવેશ ફોર્મ ફીમાં પણ ઘટાડો, સિન્ડિકેટ બેઠકમાં નિર્ણય

| સુરત |

કોરોના મહામારી વચ્ચે માતા-પિતા ગુમાવનારા વિદ્યાર્થીઓ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ મોટો નિર્ણય લીધો છે. બુધવારે મળેલી સિન્ડિકેટ બેઠકમાં કોરોનામાં માતા-પિતા ગુમાવનારા વિદ્યાર્થીઓને યુનિવર્સિટી વિભાગોમાં ચાલતા અભ્યાસક્રમોમાં ટ્યૂશન ફી માફીનો નિર્ણય લેવાયો છે. તે સાથે જ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને પણ ખાસ કિસ્સામાં વિદ્યાર્થીઓને ટ્યૂશન ફી માફીનો લાભ આપી સામાજિક જવાબદારી અદા કરવાનો અનુરોધ કરાયો છે.

યુનિવર્સિટી વિભાગો અને કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને વિશેષ કેસમાં ફી માફીનો લાભ આપવાની માંગ ઊઠી હતી. એવામાં યુનિવર્સિટી સિન્ડિકેટ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, યુનિવર્સિટી વિભાગોમાં ચાલતા તમામ અભ્યાસક્રમોમાં કોરોનામાં માતા કે પિતા ગુમાવનાર બાળકોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં ટ્યૂશન ફી માફ કરીને પ્રવેશ અપાશે. જ્યારે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને પણ કોરોનામાં માતા કે પિતા ગુમાવનાર બાળકોને સ્વેચ્છાએ ટ્યૂશન ફી માફ કરવા માટે ભલામણ કરાઈ છે. આ સાથે જ કોરોનાથી ઉદ્‌ભવેલી અસામાન્ય પરિસ્થિતિને કારણે માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે યુનિવર્સિટીના પ્રથમ વર્ષમાં પ્રવેશ ફોર્મની ફી ઘટાડી ૧૫૦ રૂપિયા કરવામા આવશે. આમ, યુનિવર્સિટીએ વિદ્યાર્થીહિતમાં મોટો નિર્ણય લીધો છે.

### ટેલી મેડિસિન અને B.A. માસ કોમ્યુ. કોર્સ શરૂ થશે

સિન્ડિકેટ બેઠકમાં મંજૂરી આપવાની સાથે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે જ ટેલી મેડિસિન સિસ્ટમ-સુવિધાની શરૂઆત કરવા, જરૂરી તમામ સાધન-સુવિધા ખરીદવા, કર્મચારીની નિમણૂકની કાર્યવાહી સાથે તજજ્ઞ ડોક્ટરોની પેનલની નિમણૂક કરવાનો નિર્ણય લેવાયો હતો. ઉપરાંત, યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનમાં ૨૦૨૧-૨૨ના સત્રથી જ બી.એ. માસ કોમ્યુનિકેશનનો અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. વિવાદાસ્પદ વરિયાવ અને જી.એન.પંડ્યા કોલેજનું જોડાણ ભૂતકાળમાં રદ કર્યા બાદ હવે માત્ર કસૂરવાર કર્મચારી સામે પગલાં લેવાની તૈયારી સાથે જોડાણ અકબંધ રાખવાનું નિર્ધારિત કરાયું છે.

સાભાર : લોકતેજ તા. ૪–૭–૨૦૨૧

# नर्मद यूनिवर्सिटी द्वारा एप्लीएशन फीस में की गई 25 प्रतिशत की कटौती

## कोरोना के कारण माता-पिता गँवाने वाले छात्रों को मिलेगी ट्यूशन फीस में राहत

लोकतेज संवाददाता

सूरत। सूरत स्थित वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी द्वारा कोरोना महामारी के इस कठिन समय में काफी सराहनीय कदम उठाया गया है। महामारी के बीच जहां आम लोग आर्थिक परेशानी से गुजर रही है, उस समय यूनिवर्सिटी द्वारा कुछ उत्तम कदम उठाए गए है। बता दे की 12वीं के रिजल्ट के साथ ही कॉलेज के प्रवेश की ऑनलाइन कार्यवाही शुरू हो चुकी है। ऐसे में यूनिवर्सिटी द्वारा प्रवेश के लिए एप्लिकेशन फीस में 25 प्रतिशत की छुट देने का निर्णय लिया गया है।

यूनिवर्सिटी द्वारा अब तक छात्रों से एप्लिकेशन फीस के तौर पर 200 रुपए लिए जाते थे। पर महामारी के चलते उसमें 25 प्रतिशत की कटौती की गई है। जिसके चलते अब छात्रों को मात्र 150 रुपए ही प्रति एप्लिकेशन देने पडेगे। बता दे की यूनिवर्सिटी द्वारा तय की गई यह फीस राज्य की सभी युनिवर्सिटियों में सब से कम है। फिलहाल अन्य सभी यूनिवर्सिटी तथा निजी यूनिवर्सिटियाँ 300 से लेकर 2000 तक का चार्ज लिया जाता है। इसके अलावा यूनिवर्सिटी की सिंडीकेट की बैठक में एक और महत्व का नियम लिया गया था। जिसके अनुसार, वीर नर्मद दक्षिण गुजरात यूनिवर्सिटी कॉलेज या यूनिवर्सिटी में पढ़ाई करने वाले किसी भी छात्र के माता-पिता की यदि कोरोना के कारण मौत हुई हो तो ऐसे छात्रों की ट्यूशन फीस माफ की जाएगी। बता दे की कॉलेज द्वारा मांगी जाने वाली फीस में 80 प्रतिशत जितनी फीस ट्यूशन फीस होती है, ऐसी स्थिति में यह निर्णय कोरोना का भोग बने हुये परिवार के छात्रों के लिए काफी बड़ी आर्थिक राहत साबित होगी।

સાભાર: ધબકાર તા. ૫–૭–૨૦૨૧




# દક્ષિણ ગુજરાતની અગ્રણી કોલેજોમાં તપોવન કેન્દ્ર અને ચિલ્ડ્રન યુનિ. ના સ્ટડી સેન્ટર શરૂ થશે

ધબકાર પ્રતિનિધિ, સુરત, તા. ૦૪

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડો. કે. એન. ચાવડાની ઉપસ્થિતિમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિશ્રી હર્ષદભાઇ શાહ દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિવિધ પ્રકલ્પોની પરીચય બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં શ્રી હર્ષદભાઇ શાહે વિશ્વની એક માત્ર ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રનો વિગતે પરીચય આપ્યો હતો. પ્રત્યેક બાળક તેજસ્વી બને તે ઉદ્દેશ્ય સાથે ગર્ભસ્થ શીશુ અને માતાને પ્રશિક્ષિત કરતાં તપોવન કેન્દ્ર તથા બાળકનાં સર્વાંગી વિકાસ માટે જરૂરી કૌશલ્યો કેળવતાં વિવિધ સર્ટીફિકેટ કોર્સની વિગતે વાત કરી હતી.

આ પ્રસંગે ડો. નરેશભાઇ શુકલ (ગુજરાતી વિભાગ), ડો. પ્રિતીબેન શુકલ (ગણિતશાસ્ત્ર વિભાગ), ડો. સંજયભાઇ ડુંગરાણી (સિન્ડીકેટ મેમ્બર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), સિંટી), ડો. કૃણાલ પંચાલ (અધ્યક્ષ, વિદ્યાનિકેતન વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), ડો. હેમાંગીબેન મહેતા (એસો. પ્રો. તપોવન કેન્દ્ર), દિવ્યાબેન રાવલ (આચાર્યા, શિશુવાટિકા, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી), પૂર્વ મેયરશ્રી જગદિશભાઇ પટેલ (સુરત મહાનગર પાલિકા) ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિશ્રી ડો. કે.એન.ચાવડાએ જણાવ્યુ હતુ કે દક્ષિણ ગુજરાતની અગ્રણ્ય કોલેજોમાં તપોવન કેન્દ્ર અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્ટડી સેન્ટર શરૂ થશે. જે સાચા અર્થમાં તેજસ્વી ભારતના નિર્માણ માટેનું પાયાનું કામ બની રહેશે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આ કેન્દ્ર શરૂ કરવા તથા તેની માહિતી મેળવવા માટે હેલ્પલાઇન નંબર - ૦૨૬૧ ૨૩૮૮૮૮૮ અથવા info@vnsgu.ac.in અથવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઇટ http://www.cugujarat.ac.in/ પર સંપર્ક કરી શકો છો. દક્ષિણ ગુજરાતની વધુમાં વધુ સંસ્થાઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રકલ્પમાં જોડાય તેવું આહવાન કુલપતિશ્રી ડો.કે.એન. ચાવડા કર્યું હતું.

## નર્મદ યુનિવર્સિટીના કુલપતિ ડો. ચાવડાની જાહેરાત, યુનિ. ખાતે ચિલ્ડ્રન યુનિ. ની પરિચય બેઠક યોજાઇ

સાભાર: સંદેશ તા. ૪–૭–૨૦૨૧

# ૫૫ વિદ્યાર્થીને પ્રવેશ સાથે ફી ઘટાડો યુનિવર્સિટીમાં એમએડ્નો ખાનગી અભ્યાસક્રમ ફરી શરૂ કરવા કવાયત

| સુરત |

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પરિસરમાં આવેલા એજ્યુકેશન વિભાગમાં હવે ફરીવાર એમએડ્નો ખાનગી અભ્યાસક્રમ શરૂ કરવાની કવાયત હાથ ધરાઈ છે. થોડા વર્ષો પહેલા ધરખમ ફી અને અન્ય કેટલાક પરિબળોને કારણે અભ્યાસક્રમ બંધ કરી દેવાયો હતો. જોકે, તેમાં ફેરફારો સાથે હવે નવા શૈક્ષણિક સત્રમાં ફરીવાર એમએડ્નો ખાનગી અભ્યાસક્રમ શરૂ કરવાની તૈયારીઓ કરાઈ છે. જેના ભાગરૂપે ૨૮ બીએડ્ કોલેજના વિદ્યાર્થીઓને માહિતી આપવા માટે રવિવારે ૧૧ વાગ્યે વેબીનાર યોજાશે.

યુનિવર્સિટી સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, યુનિવર્સિટી પરિસરમાં આવેલા એજ્યુકેશન વિભાગમાં એમએડ્ના ગ્રાન્ટેડ અને ખાનગી બન્ને અભ્યાસક્રમને એનસીટીઈની મંજૂરી અપાઈ છે. પરંતુ ૮૦ હજાર રૂપિયા વાર્ષિક ફી અને અન્ય પરિબળોને કારણે વિદ્યાર્થીસંખ્યા ન થતાં થોડા વર્ષો પહેલા ખાનગી અભ્યાસક્રમ બંધ કરી દેવાયો હતો. જોકે, હવે એનસીટીઈએ દેશભરમાં એમએડ્ અભ્યાસક્રમને મંજૂરી આપવાનું બંધ કરતા યુનિવર્સિટી પાસે સારી તક છે. જેને પગલે ફરીવાર કોર્સ શરૂ કરવાની તૈયારી સાથે રવિવારે વેબીનારનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ઈ ડબલ્યૂએસ ક્વોટા સાથે ૫૫ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાશે. ફીમાં પણ ઘટાડો કરાશે અને સાથે જ ગ્રાન્ટેડ અભ્યાસક્રમ બપોરે ચાલતો હોય વિદ્યાર્થીઓની સરળતા ખાતર ખાનગી અભ્યાસક્રમ સવારની પાળીમાં ચલાવવા તૈયારી કરાઈ છે.

સાભારઃ ગુજરાતમિત્ર તા. ૧–૭–૨૦૨૧

# કોરોનામાં માતા-પિતા ગુમાવનાર યુવાનોને યુનિ. કેમ્પસના તમામ કોર્સની ફીમાં માફી મળશે

**યુનિ. દ્વારા આવા વિદ્યાર્થીઓને ફી માફી માટે ખાનગી કોલેજોને પણ માનવીય અભિગમ દાખવવા માટે વિનંતી કરાશે**

સુરતઃ શહેરની વીર નર્મદ યુનિ. વિસ્તારમાં રહેતા અને કોરોનામાં માતા કે પિતા ગુમાવનારા યુવાનો માટે યુનિ.એ માનવીય અભિગમ દાખવી કેમ્પસના તમામ કોર્ષની ટ્યુશન ફીમાં માફી આપવા નિર્ણય કર્યો છે.

યુનિ.ખાતે આજે સિન્ડીકેટની સભા યોજાઇ હતી. આ સભામાં કેટલાંક કામો ઉપર નિર્ણય થયા છે. આ અંગે માહિતી આપતા સિન્ડિકેટ સભ્ય ડો.કશ્યપ ખરચીયાએ જણાવ્યું હતું કે, યુનિ.ના હેલ્થ સેન્ટરમાં ટેલીમેડિશન સેન્ટર ચાલુ કરાશે. તે માટે હેલ્થ સેન્ટરમાં જરૂરી વ્યવસ્થાઓ કરાશે. તેવી જ રીતે યુનિ.એ કોરોનામાં માતા કે પિતાનું છત્ર ગુમાવ્યું હોય તેવા યુવક યુવતિઓને ટયુશન ફીમાં માફી આપવા ઠરાવ કરાયો છે. યુનિ. કેમ્પસના જે જે કોર્ષ છે તે તમામ હાલ ટયુશન ફી સંપૂર્ણ માફ કરાશે. આ રકમ આશરે ટોટલ ફીના નેવું ટકા કરતા અધિક થાય છે. યુનિ.આ ઉપરાંત હવે ખાનગી કોલેજોને પણ ફી અંગે માફી આપવા વિનંતી કરશે. ખાનગી કોલેજો જો માની જશે તો યુનિ.ના આ પ્રયાસથી વિદ્યાર્થીઓને મોટો ફાયદો થશે.



## વરિયાવ કોલેજના પ્રિ.મંદિરવાલાને પગાર આપવા યુનિ. મધ્યસ્થી કરશે

યુનિ.ના સિન્ડીકેટ સદસ્ય ડો.કશ્યપ ખરચીયાએ કહ્યું હતું કે વરિયાવ કોલેજના મામલે યુનિ. મધ્યસ્થી કરશે. આ સંસ્થાએ લાંબો સમયથી પ્રિન્સીપાલનો પગાર રોકી રાખ્યો છે. જે સંચાલકોએ પૂરેપરો ચૂકવવો પડશે તે માટે યુનિ. કોલેજના સંચાલકોને પણ તેડાવશે. જો સંચાલકો નહિં માને તો યુનિ. પાસે જે ડીપોઝીટ પડી છે તેમાંથી પ્રિ. મંદિરવાલાને પગાર ચૂકવી દેવાશે.

## બીએ માસકોમ કોર્સ શરૂ કરવામાં આવશે

યુનિ.કેમ્પસના પ્રવિણકાંત રેશમવાલા ઇન્સ્ટિટયુટ ઓફ જર્નાલિઝમ તરફથી આગામી વર્ષથી યુનિ.માં બીએ માસકોમ કોર્ષ શરૂ કરવા માટે મંજૂરી માંગવામાં આવી છે. યુનિ.એ આ કોર્ષ ચાલુ કરવા ગ્રીન સિગ્નલ આપ્યું છે.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
Assistant Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Published by: Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in